જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૮/૨૦૧૪ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૦૯૦/૧૪**

**ક્રાઇમબ્રાંચ :**

**(૧)**

## એક્લવ્ય સોફ્ટ્વેર ની મદદથી વડોદરાથી ચોરી કરેલ બોલેરો પીકપ વાન સાથે આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના ઉચ્ચ પોલીસ અધિકારી શ્રી ઓ તથા પોલીસ ઇન્સ શ્રી જે.એચ.સરવૈયા નાઓની સુચનાથી પો.સ.ઇ.શ્રી એલ.ડી.વાઘેલા નાઓ ટીમના માણસો સાથે કાયદો અને વ્યવસ્થા જાળવણી સારૂ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ હતા. દરમ્યાન નારોલ ચાર રસ્તા પાસે સાથેના હેડ.કોન્સ કિરીટસિહ હરીસિહ બ.નં. ૯૨૧૨ તથા હેડ.કોન્સ ભગવાનભાઇ મસાભાઇ બ.નં.૯૦૮૪ નાઓને મળેલ બાતમી હકીક્ત આધારે અગાઉ ભુતકાળમાં વડોદરા શહેરમાં ચેઇન સ્નેચીંગના ગુન્હામાં પકડાયેલ ઇસમ મહંમદઅલી મુસ્તાકઅલી સૈયદ ઉ.વ.૨૬ રહે,ગોંદરા અબ્દુલ્લા મસ્જીદ પહેલાં, ઇદગાહ મહોલ્લા વડોદરા રોડ ગોધરા શહેર જી.પંચમહાલ નાને ને.હા.નંબર-૮ વડોદરા તરફથી અમદાવાદ તરફ આવતાં નારોલ સર્કલ ખાતેથી એક મહીન્દ્રા બોલેરો પીકઅપ ગાડી નંબર GJ-6-AU-2318 કિ.રૂ. ૫,૦૦,૦૦૦/ સાથે અટકાવવામાં આવેલ અને મળેલ બાતમી અનુસાર સદર ગાડીના આર.ટી.ઓ.લગતા અથવા માલિકી પણાંના કાગળો રજુ ન કરતાં સદરહુ ગાડી ઉપરોકત ઇસમ કોઇ જગ્યાએથી ચોરી અગર છળકપટથી મેળવી લાવેલાનો પાકો શકવહેમ જતાં બે પંચો રૂબરૂ સીઆર.પી.સી.કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે.આ વાહન અંગે એકલવ્ય સોફટવેર થી જાણકારી મેળવતા વાહન માલીકનું વડોદરાનું નામ સરનામું મેળવી તપાસ કરતા આ બોલેરોની ચોરી થયેલાનું જાણવા મળેલ હતુ. મજકુર ઇસમની પુછપરછ્માં પોતે આ બોલેરો પીકપવાન આજથી ત્રણેક દિવસ પહેલાં વડોદરા ના અકોટા વિસ્તારમાંથી ચોરી કરેલાની હકીકત જણાવેલ છે. જે અંગે રેકર્ડ ખાત્રી કરતાં વડોદરા શહેર ગોત્રી પો.સ્ટે. ફ.૨૧૫/૧૪ ઇ.પી.કો. ક. ૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે. આ સિવાય મજકુર ઇસમે અન્ય વાહન ચોરીના ગુન્હા કરેલા ની શકયતા રહેલ હોય તેમજ આ આરોપી અગાઉ વડોદરા માં ચેન લુંટ માં પણ પકડાયેલ છે. જે અંગે હાલ વધુ તપાસ ચાલુ છે.

## (૨)

## પલ્સર મો.સા. ઉપર આવી રાહદારીના મોબાઈલ ફોન ઝુંટવી ગુનાઓ આચરતી ટોળકીના પાંચ ઈસમો પકડાયા

અમદાવાદ શહેરમાં જાહેર માર્ગો ઉપર રસ્તે જતા આવતાં રાહદારીઓ પાસેના કિંમતી મોબાઈલ ફોનોની પલ્સર બાઈકો ઉપર આવી મોબાઈલો ખેંચી ભાગી જવાના બનાવો અવાર નવાર બનવા પામતા હોય જેથી આવા પ્રકારના ગુન્હાઓ બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ખાસ તાકીદ કરેલ હોય જે અન્વયે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૩/૮/૨૦૧૪ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એસ.ગેડમ નાઓ તેઓની ટીમના પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી તથા પો.સ.ઈ.શ્રી બી.આર.પરમાર સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં આવા ગુનાઓ શોધી કાઢવા સારુ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી આધારે શીવરંજની બ્રીજના દક્ષિણ તરફના છેડેથી નીચે મુજબના પાંચ આરોપીઓને તેઓના કબજાના અલગ અલગ કંપનીના કિંમતી મોબાઈલ ફોન નંગ-૧૩ કિ.રૂ. ૧,૫૫,૦૦૦/- ના તથા આવા ગુનામાં ઉપયોગમાં લેતાં પલ્સર મોબાઈલ નંગ-૨ તથા તેઓએ અસલાલી વિસ્તારમાં કરેલ ઘરફોડ ચોરીમાંથી મેળવેલ એલ.પી.જી.ગેસ સીલીન્ડર નંગ-૧ મળી કુલ્લે રૂ.૨,૨૭,૦૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતા જેઓ પાસેનો મુદ્દામાલ કબ્જે કરી સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે પકડાયેલ આરોપીઓ નિચે મુજબના છે.

(૧) જહાંગીરભાઈ અકબરભાઈ સમા રહે. મ.નં.૮૦, નુરમહંમદ સોસાયટી નરસરોવર કોલોની ગ્યાસપુર ફતેહવાડી અમદાવાદ મુળ વતન ગામ- મુળ ગામ મેણી બાવળા જિ.અમદાવાદ.

(૨) ઈરફાનભાઈ રસુલભાઈ સમા રહે. મ.નં.-૭ નુરમહંમદ સોસાયટી ભાઠા સ્કુલની પાછળ ગ્યાસપુર ફતેહવાડી સરખેજ રોડ અમદાવાદ મુળ ગામ કાયલા તા.વિરમગામ જિ.અમદાવાદ.

(3) અજીતભાઈ હકીમભાઈ સમા રહે. ગ્યાસપુર ભાઠા સ્કુલ બાજુમાં ઓરડીમાં ફતેહવાડી પાસે અમદાવાદ મુળ ગામ- કાયલા તા.વિરમગામ જિ.અમદાવાદ

(૪) રમજાન ઉસ્માનભાઈ જાવલીયા રહે. ગ્યાસપુર ભાઠા સ્કુલ બાજુમાં ઓરડીમાં ફતેહવાડી પાસે અમદાવાદ. મુળ ગામ- કાયલા તા.વિરમગામ જિ.અમદાવાદ

(૫) નાસીર અકબરભાઈ સમા રહે. મ.નં.૮૦, નુરમહંમદ સોસાયટી નરસરોવર કોલોની ગ્યાસપુર ફતેહવાડી અમદાવાદ મુળ ગામ મેણી બાવળા જિ.અમદાવાદ.

ઉપરોકત પકડાયેલ પાંચેય આરોપીઓના કબ્જામાંથી મળી આવેલ મોબાઈલ ફોનો તથા ગેસ સીલીન્ડર બાબતે તપાસ કરતાં નીચે મુજબના ગુનાઓ ડીટેકટ થવા પામેલ છે.

(૧) અસલાલી પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૩૬/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦ મુજબ (ઘરફોડ ચોરી)(૨) સેટેલાઈટ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૭૮/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ (મોબાઈલ છીનવી લેવા અંગેનો ગુન્હો)

પકડાયેલ આરોપીઓએ છેલ્લા પંદરેક દિવસમાં જ તેઓના પલ્સર બાઈકો ઉપર અમદાવાદ શહેરના અન્ય વિસ્તારો માંથી આ પ્રકારની એમ.ઓ વડે આ કબ્જે કરેલ ઉપરોક્ત મોબાઈલ ફોનો છીનવેલ હોવાની કબુલાત કરેલ છે, જેમાં(૧)પાલડી જલારામ મંદિર પાસે રોડ ઉપર એક ભાઈના હાથમાંથી છીનવેલ.

(૨)વસ્ત્રાપુર ગાર્ડન પાસેથી એક બહેનના હાથમાંથી છીનવેલ.

(૩)એસ.જી.હાઈવે ઈસ્કોન ડીસાઈડ કોફીબાર નામની દુકાન સામેથી રોડ ઉપર એક બહેનના હાથમાંથી છીનવેલ.

(૪)રાજપથ ક્લબ પાસેથી એક બહેનનુ મોબાઈલ ફોન સહીતનુ પર્સ ચોરેલ.

(૫)સેટેલાઈટ શ્યામલ ચાર રસ્તા પેટ્રોલપંપ પાસે એક ગલીમાં એક ભાઈના હાથમાંથી છીનવેલ

(૬)એલીસબ્રીજ ભુદરપુરા રોડ ઉપર એક ભાઈના હાથમાંથી છીનવેલ

(૭) પ્રહલાદનગરથી સેલ્બી હોસ્પિટલ જવાના રોડ ઉપર એક બહેન કાનમાં ઈયર ફોન લગાવી હાથમાં મોબાઈલ રાખી જતા હતા ત્યારે તેઓની પાસેથી છીનવેલ.

એ રીતેના ગુન્હાઓ આચરેલ હોવાની પકડાયેલ આરોપીઓએ કબુલાત કરેલ છે.

એ રીતેના વિસ્તારોમાં રસ્તે જતી આવતી સ્ત્રીઓ તથા પુરુષો ના હાથમાંથી મોબાઈલ ફોનો છીનવી લીધેલ હોવાની કબુલાત કરતાં જે આધારે આવી જગ્યાએ તપાસ કરી ફરીયાદીઓને શોધી કાઢવા તજવીજ કરવામાં આવતા સદર આરોપીઓએ કરેલ આવા પ્રકારના ગુનાઓના ભોગ બનેલ અન્ય પાંચ ભોગબનનાર ઈસમો શોધી કાઢવામાં આવેલ છે. જે અંગેની આગળની વધુ તપાસ તજવીજ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ તથા તેઓની ટીમ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.